ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૯/૨૦-૨૧/ 1916 તારીખ : 28 JUN 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી આર.જે.એચ.હાઈસ્કુલ,**
**મું.ઢસા જંકશન,**
**તા.બોટાદ,**
**જી.બોટાદ.**
**મો.નં.**

કેસ નં.૬૯/૨૦-૨૧

**વિષય : એલ.ઈ.ડી બલ્બ ના નાણાં શાળાના વિજ બિલ માં વસુલવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૦/૧૨/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૪/૧૨/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૯/૨૦-૨૧/૪૪૬૧ તા.૨૮/૧૨/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૯/૨૦-૨૧/૩૨૨ તા.૨૮/૦૧/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૮૩ તા.૧૨/૦૨/૨૦૨૧.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૬૯૪ તા.૦૮/૦૬/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૯/૦૬/૨૦૨૧ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, ગઢડા.
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

નકલ રવાના:-
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, બોટાદ.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ઢસા.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૬૯/૨૦–૨૧ ☜

વાદી :– **શ્રી આર.જે.એચ.હાઈસ્કુલ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૧૯/૦૬/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી ઘનશ્યામભાઈ ભગવાનભાઈ હેરમા (વાદી વતી આચાર્યશ્રી)**

પ્રતિવાદી :– **શ્રી એમ.એન.સુમેસરા,કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી આર.જે.એચ.હાઈસ્કુલ, મું.ઢસા તા.બોટાદ, જી.બોટાદ ની એલ.ઈ.ડી બલ્બના નાણાં શાળાના વિજ બિલમાં વસુલવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૯/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદ ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૯/૨૦–૨૧/૪૪૬૧ તા.૨૮/૧૨/૨૦૨૦ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૬/૦૨/૨૦૨૧, તા.૦૬/૦૩/૨૦૨૧ તથા ૧૯/૦૬/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી આર.જે.એચ.હાઈસ્કુલ વતી તેમના આચાર્ય શ્રી ઘનશ્યામભાઈ ભગવાનભાઈ હેરમા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.એન.સુમેસરા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદી શ્રી ના પત્ર નં. (૧) ૨૧૬/૨૦૧૯–૨૦ તા.૨૪/૧૨/૨૦૧૯ (૨) ૧૭૭/૨૦૨૦ તા.૧૦/૧૨/૨૦૨૦ (૩) ૨૦૫/૨૦૨૧ તા.૨૭/૦૧/૨૦૨૧ મુજબ ગ્રાહક નં–૩૭૯૦૨/૦૧૩૨૯/૩ ના બિલમાં રૂા.૩૪૦૦/– અને ગ્રાહક નં–૩૭૯૦૨/૦૧૩૯૫/૧ ના બિલમાં રૂા.૧૭૦૦/– ઉજાલા એલ.ઈ.ડી બલ્બ ની સંખ્યા,માહિતી કે કોઈ આધાર વિના વધારાની રકમનું શાળાને બિલ આપેલ છે. તેમ જણાવે છે.

૧.૨ વાદીશ્રી ના ઉપરોકત પત્ર નં–૨ અને ૩ મુજબ ઉજાલા એલ.ઈ.ડી લેમ્પ તેઓની શાળાને મળેલ નથી. અને પ્રતિવાદી શ્રી ના લોગ–ઈનમાં " CONSUMER NO. NOT HAVING ANY EMI " મેસેજ દર્શાવે છે. જે વાદીશ્રી ની રજૂઆત ને સમર્થન આપે છે, તેમ જણાવે છે.

P.G.V.C.L. Bhavnagar

૧.૩ વાદીશ્રી દ્વારા વિજ બિલમાંથી વધારાની રકમ તથા વિલંબિત ચુકવણી ચાર્જ બાદ કરી આપવા જણાવેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદીને ગ્રાહક નં–૩૭૯૦૨/૦૧૩૨૯/૩ માં તા.૧૯/૧૦/૨૦૧૬ ના રોજ ૪૦૦ નંગ તેમ ગ્રાહક નં–૩૭૯૦૨/૦૧૩૯૫/૧ માં તા.૧૯/૧૦/૨૦૧૬ ના રોજ ૨૦૦ નંગ ઉજાલા એલ.ઈ.ડી.બલ્બ ૧૦ હપ્તામાં આપવામાં આવેલ છે. જેની રકમ વાદીના બિલમાં EESL કંપની દ્વારા પીજીવીસીએલ કંપનીના એલ.ટી.બિલીંગમાં લીંક કરવામાં આવેલ ઉજાલા રીપોર્ટના આધારે ઉધારવામાં આવેલ છે.

૨.૨ વાદી ની રજૂઆત મુજબ જયારે એલ.ટી.બિલીંગ ના લોગ–ઈન માં '' UJALA REFUND PROCESS '' કરવામાં આવેલ, ત્યારે વાદીના ઉજાલા એલ.ઈ.ડી.બલ્બ ના તમામ હપ્તા બિલમાં ઉધાર થઈ ગયેલ હતા. ત્યારપછી બીજા કોઈ હપ્તા બાકી ન રહેવાના કારણે લોગ–ઈન માં '' CONSUMER NO. NOT HAVING ANY EMI '' મેસેજ આવેલ છે.

૨.૩ જીયુવીએનએલ ના પત્ર નં–GUVNL/TECH/DELP/1197 dtd.20.06.2016 મુજબ સરકારી વિભાગો/ સંસ્થા/એકમોને દ્વીમાસીક બિલમાં ૫ (પાંચ) હપ્તામાં તેમજ માસિક બિલમાં ૧૦(દશ) હપ્તામાં ઉજાલા એલ.ઈ.ડી. બલ્બ આપવા માટે જણાવેલ છે.

૨.૪ આમ, ગ્રાહક નં–૩૭૯૦૨/૦૧૩૨૯/૩ માં ૪૦૦ નંગ ઉજાલા એલ.ઈ.ડી બલ્બ ના રૂા.૩૪૦૦૦/– તેમજ ગ્રાહક નં–૩૭૯૦૨/૦૧૩૯૫/૧ માં ૨૦૦ નંગ ઉજાલા એલ.ઈ.ડી બલ્બના રૂા.૧૭૦૦૦/– ઉજાલા રીપોર્ટ ને આધારે ગ્રાહકના બિલ માં ઉધારાયેલ છે. અને જે રકમ વાદીને ભરવાપાત્ર છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી આર.જે.એચ.હાઈસ્કુલ સરકારી શાળા,ગામ–ઢસા ના આચાર્યશ્રી એ ફોરમને રજૂઆત કરેલ છે કે, તેઓના હાઈસ્કુલ ના વિજ જોડાણ ગ્રાહક નં–૩૭૯૦૨/૦૧૩૨૯/૩ ના વિજ બિલ માં પ્રતિવાદીએ જુલાઈ–૨૦૧૯ થી ડિસે–૨૦૧૯ સુધી દર બિલીગે રૂા.૩૪૦૦/– એમ કુલ રૂા.૩૪૦૦૦/– વિજ બિલ માં ૪૦૦ એલ.ઈ.ડી લેમ્પ ના ઉધારેલ છે. તેવી રીતે તેઓના હાઈસ્કુલ ના બીજા વિજ જોડાણ ગ્રાહક નં–૩૭૯૦૨/૦૧૩૯૫/૧ ના વિજ બિલમાં પ્રતિવાદીએ જુલાઈ–૨૦૧૯ થી ડિસે–૨૦૧૯ સુધી ના દ્વિમાસીક વિજ બિલ માં ૨૦૦ એલ.ઈ.ડી.લેમ્પ ના રૂા.૧૭૦૦/– લેખે રૂા.૧૭૦૦૦/– કુલ એલ.ઈ.ડી.લેમ્પ ની કિંમત ના ઉધારેલ છે.

૩.૨ વાદીએ રજૂઆત કરેલ છે કે, તેઓએ ૨૦૦ એલ.ઈ.ડી. લેમ્પ પીજીવીસીએલ ની ઢસા ખાતેની ઓફીસમાં અને તે અંગે નો ડિમાન્ડ લેટર આપી ખરીદેલ છે અને તે પેટે પ્રતિવાદીએ રૂા.૧૭૦૦/– લેખે દરેક બિલમાં એમ કુલ રૂા.૧૭૦૦૦/– ઉધારેલ છે. જે વાદીને માન્ય છે. પરંતુ, વાદીએ તેઓના વિજ બિલ ગ્રાહક નં–૩૭૯૦૨/૦૧૩૨૯/૩ માં બતાવેલ ૪૦૦ એલ.ઈ.ડી. લેમ્પ કયારેય લીધેલા નથી. તે માટે તેઓએ જે તે સમયે કોઈ ડિમાન્ડ લેટર પણ રજૂ કરેલ નહી. તેથી તેઓના આ વિજ બિલ માં ઉધારેલ રૂા.૩૪૦૦૦/– વાદીએ ભરવાના રહેતા નથી.

૩.૩ પ્રતિવાદીએ વાદીના બન્ને મીટર માટેના વિજ બિલ પીઆરટી–૧૪૫ રજૂ કરેલ છે. જે પ્રમાણે પ્રતિવાદીએ વિજ ગ્રાહક નં–૩૭૯૦૨/૦૧૩૯૫/૧ માં જુલાઈ–૨૦૧૯ થી એપ્રિલ–મે–૨૦૨૦ બિલ્ડ ઈન જુન–૨૦૨૦ સુધી એમ કુલ ૧૦ વિજ બિલમાં રૂા.૧૭૦૦/– લેખે રૂા.૧૭૦૦૦/– ઉધારેલ છે.

૩.૪ પ્રતિવાદીએ વાદીના ગ્રાહક નં–૩૭૯૦૨/૦૧૩૨૯/૩ નો રજૂ કરેલ પીઆરટી–૧૪૫ મુજબ પ્રતિવાદીએ જુલાઈ – ૨૦૧૯ થી એપ્રિલ–મે–૨૦૨૦ બિલ્ડ ઈન જુન–૨૦૨૦ સુધી ના કુલ ૧૦ વિજ બિલ માં રૂા.૩૪૦૦/– લેખે એમ કુલ રૂા.૩૪૦૦૦/– ઉધારેલ છે. જે પ્રતિવાદીના જણાવ્યા મુજબ તેઓએ EESL એ એલ.ઈ.ડી લેમ્પ નું વિતરણ કરતું હોઈ, તેઓના રેકર્ડ મુજબ આ EMI વિજ બિલમાં ઉધારેલ છે.

૩.૫ તા.૬/૩/૨૦૨૧ ના રોજ સુનાવણી દરમ્યાન ફોરમે EESL ના પ્રતિનિધિ શ્રી જીગર દવે ને બોલાવેલ. જે સુનાવણી દરમ્યાન સંબંધિત ડોકયુમેન્ટસ તપાસવા માટે મુદત માંગેલ.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

૩.૬ તા.૧૯/૬/૨૦૨૧ ના રોજ EESL ના પ્રતિનિધિ શ્રી જીગર દવે એ EESL ના તા.૩/૯/૨૦૧૬ અને તા.૬/૯/૨૦૧૬ નું કેશ મેમોરેન્ડમ અને સંમતિપત્ર ફોરમને રજૂ કરેલ છે. EESL એ રજૂ કરેલ કેશ મેમો. (તા.૩/૯/૨૦૧૬) માં ગ્રાહક નં–૩૭૯૦૨/૦૧૩૯૫/૧ દર્શાવેલ છે. અને તેમાં ૪૦૦ એલ.ઈ.ડી.લેમ્પ નું વેચાણ દર્શાવેલ છે. આ કેશ મેમોરેન્ડમ સાથે આર.જે.એચ.હાઈસ્કુલનો કોઈ ડિમાન્ડ લેટર નથી. EESL એ તા.૬/૯/૨૦૧૬ નું રજૂ કરેલ કેશ મેમો.માં ગ્રાહક નં–૩૭૯૦૨/૦૧૩૯૫/૧ બતાવેલ છે. અને તેમાં ૨૦૦ એલ.ઈ.ડી. બલ્બ નું વેચાણ બતાવેલ છે. આ કેશ મેમો.સાથે આર.જે.એચ.હાઈસ્કુલ ની પ્રિન્સીપાલ ની સહી વાળો ૨૦૦ એલ.ઈ.ડી. લેમ્પ ની ડિમાન્ડ માટે નો પત્ર તા.૩/૯/૨૦૧૬ નો જોડેલ છે.

૩.૭ તારણ નં–૩.૬ મુજબ વાદીએ તેના વિજ ગ્રાહક નં–૩૭૯૦૨/૦૧૩૨૯/૩ ના વિજ જોડાણ માટે ૪૦૦ એલ.ઈ.ડી.લેમ્પ ખરીદેલ હોઈ તેવો પૂરાવો EESL કંપની એ રજૂ કરેલ નથી. તેમજ ૪૦૦ એલ.ઈ.ડી લેમ્પ માટે નો કોઈ ડિમાન્ડ લેટર આર.જે.એચ હાઈસ્કુલે આપેલ હોઈ તેવું પણ રજૂ કરેલ નથી.

૩.૮ વાદીએ આજરોજ તેઓના સ્કુલનું રજૂ કરેલ ડેડ સ્ટોક રજીસ્ટર જે ના પેજ નં–૧૫ સી.નં–૩ માં ૨૦૦ એલ.ઈ.ડી. લેમ્પ ની નોંધ કરેલ છે. જેમાં સંબંધિત સ્કુલ અધિકારીની સહી સિકકા છે. આ રજીસ્ટર માં વાદીએ ૪૦૦ એલ.ઈ.ડી. લેમ્પ લીધેલ હોઈ કે મળ્યા હોઈ તેવી નોંધ નથી.

૩.૯ તારણ નં–૩.૭ અને ૩.૮ તેમજ વાદી, પ્રતિવાદી અને EESL કંપની એ રજૂ કરેલ દસ્તવેજી પુરાવાઓ તેમજ રજૂઆત પરથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદીના વિજ ગ્રાહક નં–૩૭૯૦૨/૦૧૩૨૯/૩ ના વિજ બિલમાં ઉધારેલ રૂા.૩૪૦૦/– લેખે ૧૦ હપ્તામાં ઉધારેલ કુલ રૂા.૩૪૦૦૦/– વાદીના વિજ બિલમાં જમા આપવા અને તેને સંબંધિત લગાડેલ ડીપીસી જમા આપવો.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૯ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી જે.એમ.મેહતા)<br>સ્વતંત્ર સભ્યશ્રી | ગેરહાજર<br>(પી.એન.આજકીયા)<br>ટેકનીકલ સભ્યશ્રી | (એમ. આર.વજરીયા)<br>અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :- ૧૯/૦૬/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.